(૨૮)

ક્રમાંક : ઘ/માધ્ય/અ-૨/૨૦૨૧-૨૨/ ૧૭૧૨૫-૫૮

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં. ૯/૧, ડૉ. જી.મ.ભવન,

ગુ.રા., ગાંધીનગર ,

તા. ૨૧/૧૦/૨૦૨૧

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારી

તમામ.

વિષય : રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગઘટાડા બાબત.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૦૬/૨૧૩૮/ગ.૧, તા.૨૧/૧૨/૨૦૨૦

(૨) ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ અને ગુજરાત રાજય ઉ.મા. શિક્ષક સંઘ મહામંડળની તા.૦૭/૦૫/૨૦૨૧ની રજૂઆત

(૩) આ કચેરીના પત્ર ક્રમાંક ક્રમાંક : ઘ/માધ્ય/અ-૨/નવી બાબત/૨૦૨૧-૨૨/૯૪૯૧,તા.૧૫/૦૬/૨૦૨૧

(૪) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧, તા.૧૦/૦૮/૨૦૨૧

(૫) આ કચેરીના પત્ર ક્રમાંક ક્રમાંક : ઘ/માધ્ય/અ-૨/૨૦૨૧-૨૨/૧૪૭૪૮,તા.૧૮/૦૮/૨૦૨૧

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે,સને:૨૦૨૦-૨૧માં શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૨૦ના ઠરાવથી રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધો. ૯ થી ૧૨ના વર્ગોમાં વર્ગદીઠ વિધાર્થી સંખ્યામાં છૂટછાટ આપી શહેરી વિસ્તારમાં પ્રથમ વર્ગમાં ૩૬ ને બદલે ૨૫ વિદ્યાર્થી સંખ્યા અને ૧ કરતા વધારે વર્ગો માટે ૬૦+૩૬ ને બદલે ૪૨+૨૫ વિદ્યાર્થી સંખ્યા તથા ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ વર્ગમાં ૨૪ ને બદલે ૧૮ વિદ્યાર્થી સંખ્યા અને એક કરતા વધારે વર્ગો માટે ૬૦+૨૪ ને બદલે ૪૨+૧૮ વિદ્યાર્થી સંખ્યા સાથે વર્ગો ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ.

કોવિડ-૧૯ની મહામારી સંક્રમણની પરિસ્થિતિ યથાવત રહેવા પામેલ હોઇ શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૨૦ના ઠરાવથી મળેલ છૂટછાટ વર્ષ - ૨૦૨૧-૨૨ માં પણ યથાવત રાખવા અંગે સદર કચેરીના સંદર્ભદર્શિત ૩ પત્રથી શિક્ષણ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ છે જે હાલ સબબ શિક્ષણ વિભાગ કક્ષાએ કાર્યવાહી હેઠળ છે.

ઉપરોક્ત વિગતે અત્રેથી આગામી સુચના ન આપવામાં આવે ત્યાં સુધી વર્ગ ઘટાડાની પ્રક્રીયા હાલ સબબ સ્થગિત રાખવા આથી જણાવવામાં આવે છે અને જો આપના જિલ્લાની કોઇ શાળામાં આ પત્રથી અપાયેલ સુચના પૂર્વે આપે આ મુજબના કોઇપણ વર્ગ ઘટાડાના આદેશ કરેલ હોય તો આવા આદેશને પણ હાલ સબબ સ્થગિત રાખવા જણાવવામાં આવે છે.

નોંધ ઉપર માન.નિયામકશ્રીના આદેશ અનુસાર

(એચ.એન.ચાવડા)
સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના :

- ઓડિટ અધિકારીશ્રી, ઓડિટ શાખા, સદર કચેરી.

જા. નં./મા-૩/૨૦૨૧/૧૭૭૯૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.:૨૨/ ૧૦/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ મા. ઉ.મા. શાળાઓ
સુરત. જિ. સુરત
રવાના - ઉક્ત પત્રના અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.

Scanned with CamScanner